# વેકેશન એટલે બાળકને સામાજિક બનાવવાનો અવસર

બાળકને ભણતરની સાથે ઘડતરની પણ જરૂર છે. કોઈપણ વ્યક્તિ ભણેલો હશે પણ ઘડાયેલો નહીં હોય તો તેનું ભણતર કોઇ જ કામમાં આવવાનું નથી. માટે તો ક્યારેક અભણ વ્યક્તિ પણ ભણેલાને હંફાવે છે. વ્યક્તિને ભણતર આપવાનું કામ શાળા-કોલેજો કરે છે, પણ તેને ઘડવાનું કામ તો કુટુંબ અને સમાજે જ કરવું પડશે. આ સત્ય અને વાસ્તવિક ઉપરાંત મનોવૈજ્ઞાનિક બાબતોને કેટલાક વાલીઓ સમજતા નથી કે સ્વીકારતા નથી. માટે તો આખું વર્ષ શાળા-કોલેજમાં ભણવા મોકલ્યા પછી પણ વેકેશનમાં ક્લાસીસમાં મોકલીને વધારે હોશિયાર બનાવવાના અવાસ્તવિક પ્રયત્નો કરે છે. અરે ભાઇ ! તેની ઉંમર પ્રમાણે તેને શાળા-કોલેજોમાં શિક્ષણ અપાય જ છે, તમારા બાળકે મેળવેલ શિક્ષણ તમને તે ઓછું પડે છે? ખરેખર વિચારવા જેવું એ છે કે બાળકમાં શું ઓછું છે ? કોલેજમાં કે દસમા-બારમા ધોરણમાં અભ્યાસ કરતાં તમારા બાળકને પૂછો કે ભાઇ એક કીલો બટાટાનો ભાવ કેટલો છે ? સવારે તું જે પેસ્ટબથી દાંત સાફ કરે છે તે પેસ્ટ અને બ્રશનો ભાવ શું છે ? તને ફ્યુઝ બાંધતા આવડે છે ? તને દીવાલમાં સ્ક્રૂ કે ખીલી મારતાં આવડે છે ? બસ કે રેલ્વેનું સમયપત્રન જોતાં આવડે છે ? સરકારી ખાતામાં કોઇ કામ માટે અરજી કરતાં આવડે છે ? પાણીમાં તરતાં આવડે છે ? પોતાનો પરિચય યોગ્ય રીતે આપતા ? ઇસ્ત્રી કરેલ કપડાં વાળતાં ? પાણીની ચકલીમાંથી ટપકતું પાણી બંધ કરતાં ? શાકભાજી કે કરિયાણું ખરીદતી વખતે તેની કિંમત અભણ વેચનાર કરતાં ઝડપથી ગણતાં ? વગેરે. આવી એક હજાર બાબતો તમારા બાળકોને આવડતી હોય તો જ માનજો કે તેનો સર્વાંગી વિકાસ થયો છે. નહીં તો તે ભણ્યો છે, પણ ઘડાયો નથી. તેને ઘડવાનું કામ વાલીએ જ કરવાનું છે. તમારા બાળકને તમે જેટલું ઓળખો છો તેટલું અન્ય કોઇ ઓળખી શકવાનું નથી અને તેના માટે જેટલો તમને પ્રેમ છે તેટલો પ્રેમ અન્ય કોઇ કરી શકવાનું નથી. તો બાળકની કેટલીક જવાબદારી વાલીએ પોતે જ નિભાવવી જોઇએ, બીજા પર ન જ છોડાય. ઉપરોક્ત આપેલ ઉદાહરણો શાળા-કોલેજમાં શીખવા નહીં મળે, પણ જો તેવી બાબતો નહીં આવડતી હોય તો તે પોતાનું જીવન સરળતાથી અને સુખમય રીતે જીવી પણ નહીં શકે. આવી અનેક બાબતો તે ઘરમાંથી કે પડોશમાંથી કે સમાજમાં અન્ય જગ્યાએથી જ શીખી શકશે. માટે જ તેને શૈક્ષણિક જગ્યાએ દસ માસ મોકલ્યા પછી સામાજિક જગ્યાએ તો એકાદ માસ મોકલો?

બાળકને સામાજિક બનતો રોકવા માટેના કેટલાક વાલીના કેટલાક પ્રયત્નોને યાદ કરીએ. વેકેશનમાં ઘરમાંથી ભાગ્યે જ બહાર નીકળવા દેવો. ઘરમાંથી બહાર ન જાય એટલા માટે વિડિયો ગેમ કે ફિલ્મની ડીવીડી જોવા લાવી આપવી. વેકેશનમાં જ કશુંક શીખવા માટેના ક્લાસ ભરાવવા. પણ આ વાલી એટલું કેમ નથી સમજતા કે દસ માસ એક જ ધોરણમાં ભણીને તે જે શિક્ષણ મેળવે છે તેનાથી પણ જો તમને સંતોષ ન મળતો હોય તો બે-ત્રણ અઠવાડિયામાં કશુંક શીખવા જશે અને તેનાથી મેળવેલ જ્ઞાન કે કૌશલ્યથી તમને સંતોષ થશે? વાલી મિત્રોએ વિચારવા જેવા કેટલાક પ્રશ્નો. તમે તમારા બાળકને તેના મિત્રો સાથે છૂટથી રમવા જવા દો છો? તેના તમામ મિત્રોને તમે ઓળખો છો? તમારા મામા-માસા-ફૂવાના નામ આવડે છે? તેને વર્ષ દરમિયાન તેના કાકા-મામા-માસા-ફૂવા વગેરે સગાંને ત્યાં કેટલા દિવસ માટે રહેવા મોકલો છો? આ ઘટના નહીં બનવાને કારણે જ બાળકો સગાંને વ્હાલા ગણતાં નથી.હકીકતમાં વેકેશનમાં દરેક વાલીએ બાળકને પોતાના સગાંવ્હાલાંને ત્યાં મોકલવા જોઇએ અને સામે પક્ષેથી બાળકોને

આવકારવા જોઇએ. આમ કરીને બાળકને સામાજિક બનાવવા માટેની તક ઝડપવી જોઇએ. પછી તો શાળા-કોલેજો ખૂલશે ત્યારે મોટાભાગના વાલી બાળકને સગાંવ્હાલાને ત્યાં મોકલતા તો નથી, પણ સારા પ્રસંગે સાથે પણ નથી લઇ જતા! માટે તો વેકેશનનો ઉપયોગ બાળકના શૈક્ષણિક ભણતર માટે નહીં સામાજિક ઘડતર માટે કરવો જોઇએ.

આજે ઘણાં બાળકો ભણવામાં જેટલાં હોશિયાર હોય છે, તેટલાં કૌશલ્યાત્મક રીતે ક્યારેક નથી હોતા. તેમાં પણ સામાજિક કૌશલ્ય તો ભાગ્યેજ ખીલેલા જોવા મળે છે. આપણા ઘરમાં કોઇ મહેમાન આવે ત્યાર તેને કેવી રીતે આવકાર આપવો કે તેમની સાથે કેવી રીતે વર્તન કરવું તે ઘણાં બાળકોને શીખવવાની જરૂર છે. એવાં ઘણાં બાળકો છે કે જેઓ મહેમાન આવતાં જ બીજા રૂમમાં ચાલ્યા જાય છે અથવા તો મમ્મી-પપ્પા ઘેર નથી તેમ કહીને બારણું બંધ કરી દે છે. આવી બાબતો શીખવા માટે શહેરના બાળકોને ગામડાંમાં મોકલવા જોઇએ. આજે પણ ગામડાનું ભોળપણ શહેરની બુદ્ધિ કરતાં અનેક રીતે ચઢિયાતું લાગે છે. ગામડાંના બાળકો બુદ્ધુ નથી હોતા ભોળા હોય છે, જેને શહેરના કેટલાક કહેવાતા બુદ્ધિશાળી લોકો ગમાર તરીકે ખપાવે છે. હકીકતમાં ગમાર લાગતા એ બાળકો કે વાલી પાસેથી આજે શહેરના કહેવાતા બુદ્ધિશાળી લોકોએ ઘણું શીખવાનું છે. આવું જો કોઇ વાલી ન કરી શકતો હોય તો વાંધો નથી તેની તો અડધી જિંદગી ગઇ, પણ પોતાના બાળકને તો શીખવા દો. વેકેશનને અવસર માનીને બાળકને બુદ્ધિશાળી કરતાં સામાજિક બનાવાની તક ઝડપી લેવી જોઇએ.